# આજે સ્પેન-નેધરલેન્ડ વચ્ચે ખરાખરીનો જંગ




## મેક્સિકો અને કેમરુન વચ્ચે રાત્રે ૯:૩૦ વાગે મેચ રમાશે

રિયો ડી જિનેરિયો,તા. ૧૨

ફિફા વર્લ્ડકપની રોમાંચક વાતાવરણમાં શરૂઆત થયા બાદ એક પછી એક મેચોનો દોર હવે શરૂ થશે. વિશ્વકપમાં આવતીકાલે ૧૩મી જુનના દિવસે મેક્સિકો અને બ્રાઝિલ સામ-સામે ટકરાશે જ્યારે સ્પેન અને હોલેન્ડ વચ્ચે પણ જંગ ખેલાશે. આ ઉપરાંત ચીલી અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પણ મેચ રમાશે.

ફિફા વિશ્વ કપમાં આવતીકાલે વર્તમાન ચેમ્પિયન સ્પેન ટાઈટલને જાળવી રાખવાના ઈરાદાથી પોતાની ઝુંબેશની શરૂઆત કરશે. છેલ્લા વિશ્વકપમાં સ્પેન અને નેધરલેન્ડ વચ્ચે જ ફાઈનલ જંગ ખેલાયો હતો જેથી સ્પેન અને નેધરલેન્ડ વચ્ચે રમાનારી મેચ ખૂબ જ રોમાંચક બની રહેશે. આ મેચ રાત્રે ૧૨:૩૦ વાગ્યાથી શરૂ થશે જેનું જીવંત પ્રસારણ નીયોસ્પોર્ટ્સ અને સોનીપિક્સ પર થશે. સ્પેનના ખેલાડીઓ છવાઈ જવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. તમામ ફૂટબોલ ચાહકોની નજર સ્પેનના સ્ટાર ખેલાડીઓ ફર્નાન્ડો ટોરેસ, ડેવીડ વિલ્લા, ઝાવી ઉપર રહેશે. આ ઉપરાંત ઉભરતા ખેલાડીઓ પણ પોતાની તમામ તાકાત લગાડી દેવા પ્રયત્ન કરશે. ગ્રુપ બીની આ મેચ અતિરોમાચંક બનવાની શક્યતા છે. બ્રાઝિલમાં તમામ મેચોને લઈને તૈયારીઓ કરી લેવામાં આવી છે. ૧૩મી જુલાઈના દિવસે વિશ્વકપની ફાઈનલ મેચ રમાશે. ફાઈનલ મેચ રિયો ડીજાનેરોના મારાકાના સ્ટેડિયમમાં રમાશે જેની ક્ષમતા ૭૯૦૦૦ની છે આ મેદાન ઉપર કુલ સાત મેચો રમાનાર છે.



જેનીફર લોપેઝે ફિફા વર્લ્ડ કપના ઉદ્ઘાટન સમારંભમાં પોતાનું પરફોર્મન્સ પ્રસ્તુત કર્યું હતું.

## ઈન્ફોસીસના સીઈઓ તરીકે વિશાલ સિક્કાની નિમણૂંક

બેંગલોર,તા. ૧૨

મહાકાય કંપની ઈન્ફોસીસ દ્વારા એસએપીના ભૂતપૂર્વ સીઈઓ વિશાલ સિક્કાની કંપનીના મુખ્ય કારોબારી અધિકારી અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. સિક્કાને ૧૪મી જુનના દિવસે બોર્ડના ફુલ ટાઈમ ડિરેક્ટર અને સીઈઓ તેમજ એમડી તરીકે સામેલ કરવામાં આવનાર છે. તેઓ પહેલી ઓગષ્ટના દિવસે એસડી શિબુલાલની પાસેથી સીઈઓ અને એમડી તરીકેની જવાબદારી લઈ લશે. કારોબારી ચેરમેન એનઆર નારાયણન મુર્થિ અને તેમના પુત્ર રોહત મુર્તિ ઓક્ટોબર સુધી કંપનીને છોડનાર છે. મુર્થિની નિયુક્ત અવધિના ચાર વર્ષ પહેલા તેઓ કંપની છોડનાર છે. વિશાલ સિક્કા હજુ સુધી એસએપીના કારોબારી બોર્ડમાં સભ્ય




તરીકે હતા. તેઓ વૈશ્વિકરીતે તમામ પ્રોડકટસ અને ઈનોવેશનની જવાબદારી સંભાળી રહ્યા હતા. વડોદરામાં જન્મેલા સિક્કા હના પ્લેટફોર્મમાં ફેરફાર લાવવામાં આગવ રહ્યા હતા. સિક્કાએ એસએપીમાં કેટલીક મોટી જવાબદારી અદા કરી હતી. જેમાં ઈનોવેશનને ઝડપી બનાવા અને રિસર્ચને વધારે મહત્વ આપવાની બાબતનો સમાવેશ થાય છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંતી તેઓ કોમ્પ્યુટર સાઈન્સમાં પીએચડી ધરાવે છે. બોર્ડે કેટલાક ફેરફાર કર્યા છે.

બોર્ડે પ્રમુખ અને ફુલ ટાઈમ ડિરેક્ટર યુબી પ્રવીણ રાવની ચીફ ઓપરેટિંગ ઓફિસર તરીકે નિમણૂંક કરી છે. આ નિમણૂંક ૧૪મી જુનથી અમલી ગણાશે. કારોબારી ચેરમેન એનઆર નારાયણમુર્થિએ જાહેરાત કરી હતી કે વિશાલ સિક્કાની અમારા નવા સીઈઓ તરીકે વરણી કરવામાં આવી છે. વિશાળ ગ્લોબલ કોર્પોરેશનમાં લીડર તરીકે વ્યાપક અનુભવ ધરાવે છે. મુર્થિ અને ગોપાલકૃષ્ણન કારોબારી ચેરમેન તરીકે સ્વૈચ્છિકરીતે રાજીનામુ આપી રહ્યા છે. આ બન્ને ૧૪મી જુને રાજીનામુ આપશે.







મુંબઈના દરિયાકાંઠે આજે ભારે ચક્રવાતના પ્રતાપે 'હાઈ ટાઈડ'ની સ્થિતિ સર્જાઈ હતી જેના કારણે સમુદ્રના મોજાં લગભગ ૮ થી ૧૦ ફુટ જેટલા ઉંચા ઉછળ્યા હતા. અને સમુદ્રનું પાણી કિનારાના વિસ્તારોમાં ધસી આવ્યું હતું. સમુદ્રનું આવું રૌદ્ર સ્વરૂપ જોઈને કિનારા વિસ્તારના રહીશોના જીવ તાળવે ચોંટી ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ સમુદ્રી ચક્રવાતની આગાહી અગાઉથી કરવામાં આવી હતી.

## ભાજપ પ્રમુખપદના મામલે ૨૩મી જુન બાદ નિર્ણય થશે

નવી દિલ્હી,તા. ૧૨

ભારતીય જનતા પાર્ટીના નવા પ્રમુખ અંગે નિર્ણય ૨૩મી જુન બાદ લેવામાં આવે તેવી શક્યતા છે. ભાજપ પ્રમુખપદ માટે હવે અમિત શાહ અને જેપી નડ્ડા વચ્ચે મુખ્ય સ્પર્ધા છે. રાજસ્થાન એકમના પૂર્વ પ્રમુખ ઓમ માથુર સ્પર્ધામાંથી ખસી ગયા બાદ હવે અમિત શાહ અને જેપી નડ્ડા વચ્ચે સ્પર્ધા રહેશે. સંઘ પરિવારના ટોચના સુત્રોએ કહ્યું છે કે ભાજપે હવે દિલ્હી, હરિયાણા અને મહારાષ્ટ્રમાં યોજાનારી સામાન્ય ચૂંટણી પર તમામ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જેથી સંઘના ટોચના નેતાઓ અને બાજપના નેતાઓ વચ્ચે વાતચીતનો દોર શરૂ થઈ ગયો છે. રાજનાથસિંહની જગ્યાએ નવા પ્રમુખની નિમણૂંક કરવામાં આવનાર છે. રાજનાથ સિંહની પક્ષ પ્રમુખ તરીકેની અવધિ હજુ ૧૮ મહિના બાકી છે. જેથી નવા પક્ષ પ્રમુખની નિમણૂંકની બાબત હવે અંતિમ તબક્કામાં પ્રવેશી ગઈ છે. રાજનાથસિંહ કેન્દ્રિય કેબિનેટમાં સામેલ થઈ ચુક્યા છે. શાહ અને નડ્ડા બન્ને સંઘની સાથે સતત સંપર્કમાં છે. આ મુદ્દે નાગપુરમાં પણ નજર કેન્દ્રિત થઈ ગઈ છે. સંઘના વડા મોહન ભાગવત આ મુદ્દે તેમનો અભિપ્રાય આપે તેવી શક્યતા છે. ૪૯ વર્ષીય અમિત શાહ હવે હોટ ફેવરીટ બની ગયા છે. કારણ કે ઉત્તરપ્રદેશમાં પાર્ટીને અમિત શાહને રેકોર્ડ ૮૦ પૈકી ૭૩ સીટ અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. સંઘ પરિવાર માને છે કે જો વડાપ્રધાન અને ભાજપ પ્રમુખ બન્ને ગુજરાતના હશે તો તે વધુ સારી બાબત રહેશે. સંઘ અને પાર્ટી બન્ને માને છે કે શાહ પોલિટક માઈન્ડ ધરાવે છે. સાથે સાથે આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને કેટલાક રાજ્યોમાં સત્તામાં લાવવામાં ભૂમિકા અદા કરી શકે છે. પરંતુ કેટલીક દુવિધા છે. શાહે ઉત્તરપ્રદેશમાં સફળતા સંઘ પરિવારની મદદથી મેળવી છે. ૫૩ વર્ષીય નડ્ડા કોઈ પણ પ્રકારના વિવાદ ધરાવતા નથી. નડ્ડા પણ શાહની જેમ નરેન્દ્ર મોદી અને રાજનાથસિંહ સાથે સારા સંબંધ ધારાવે છે.

## મુઝ્ઝફ્ફરનગર હિંસામાં આઠની અરજી ફગાવાઈ

મુઝ્ઝફ્ફરનગર, તા.૧૨

મુઝ્ઝફ્ફરનગરની સ્થાનિક અદાલતે કોમી રમખાણોના સંબંધમાં દાખલ કરાયેલા એક કેસમાં આઠ આરોપીઓની જામીન અરજીને આજે ફગાવી દીધી હતી. આ આઠ આરોપીઓમાં અનિલ, સુશીલ, વિનોદ, સુરેન્દર, બિટ્ટુ, લોહારી, સુરેશ, સલેખાનો સમાવેશ થાય છે. બહાવાડી હત્યા મામલામાં સંડોવણીનો તેમના ઉપર આક્ષેપ મુકવામાં આવ્યો છે. જિલ્લા જજ વિજયલક્ષ્મી દ્વારા તેમની જામીન અરજીઓને ફગાવી દેવામાં આવી હતી. પ્રોસીક્યુશન મુજબ એક મોટી વયની વ્યક્તિની હત્યા કરી દેવામાં આવી હતી અને તેના મકાનને પણ આગ ચાંપી દેવામાં આવતા ભારે તંગદીલી ફેલાઈ ગઈ હતી. આઠમી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે આ બનાવ બન્યો હતો.

## ડીઝલ કિંમતને અંકુશમુક્ત કરવા તૈયારી : બજેટમાં જાહેરાત કરાશે

નવી દિલ્હી,તા. ૧૨

પેટ્રોલિયમ મંત્રાલય ડીઝલની કિંમતને અંકુશમુક્ત કરવા માટેની હિલચાલ હાથ ધરી ચુક્યું છે. બજેટમાં ડીઝલની કિંમતને અંકુશમુક્ત કરવાની જાહેરાત કરવામાં આવી શકે છે. ડીઝલની કિંમતને અંકુશમુક્ત કરવાથી કેટલાક નવા ફેરફાર થશે. પેટ્રોલિયમ મંત્રાલય ડીઝલની કિંમતને અંકુશમુક્ત કરવા અથવા તો તેને માર્કેટ કિંમતે વેચવા માટે કેબિનેટ માટે નોંધ તૈયાર કરવામાં વ્યસ્ત છે. ૧૫મી જુન સુધી ડીઝલ પર મહેસુલી નુકસાન ઘટીને પ્રતિ લીટર ૧.૬૫ સુધી પહોંચે તેવો અંદાજ છે. જે રેકોર્ડ લો લેવલ છે. આનાથી સરકારની સામે ડિઝલની કિંમતને અંકુશમુક્ત કરીને ૧૪૦૦૦૦ કરોડ રૂપિયાની ફ્યુઅલ સબસિડી ઘટાડવાની તક સર્જાઈ છે. એક અધિકારીએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યું હતું કે પેટ્રોલિયમ મંત્રાલય કેબિનેટ માટે નોંધ બનાવી રહી છે. ગયા વર્ષે સરકારે ડીઝલની કિંમતમાં એકસાથે છ રૂપિયાનો વધારો કરવાની યોજના બનાવી હતી. પરંતુ હવે તેની જરૂર પડશે નહી. કારણ કે હવે રેવેન્યુ નુકસાન ખુબ ઓછુ છે. અધિકારીએ કહ્યું હતું કે જો કેબિનેટ આને મંજૂરી આપી દેશે તો આગામી મહિને બજેટમાં ડીઝલની કિંમતને અંકુશમુક્ત કરવાની જાહેરાત કરવામાં ાવી શકે છે. સરકાર ફુડ, ફર્ટિલાઈઝર અને ફ્યુઅલ સબસિડીને ઘટાડવા માટે સક્રિય રીતે વિચારણા કરી રહી છે. મોદી સરકાર આ વર્ષે સબસિડીના બિલને ૧૫ ટકા સુધી ઘટાડી દેવાની યોજના ધરાવે છે. પેટ્રોલિયમ મંત્રાલયના અન્ય એક અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે એક વખત ભાવમાં વધારો કરીને અથવા તો ડાયવર્ઝન રોકીને કેરોસીન, ગેસ સબસિડીને પણ ઘટાડી શકાય છે. જો કે કુકિંગ ગેસ અને કેરોસીન પર કિંમતને લઈને વાસ્તવિક કિંમત ગ્રાહકો પાસેથી લેવાની બાબત શક્ય નથી. ફ્યુઅલ સબસિડીમાં કાપની શરૂઆત ડીઝલ મારફતે કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૩-૧૪માં ફ્યુઅલ સબસિડી ૧૪૦૦૦૦ કરોડ રૂપિયા રહી છે. આમાં ડિઝલ ઉપર સરકારે ૬૨૮૦૦ કરોડ રૂપિયાની સબસિડી આપી હતી. ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમત ઘટી જવાથી ડિઝલ સબસિડીમાં સતત ઘટાડો થઈ રહ્યો હતો. અગાઉની સરકાર દર મહીને ડીઝલની કિમતમાં ૫૦ પૈસા પ્રતિ લીટર વધારી રહી હતી. આ સિલસિલો નવી સરકારે પણ જારી રાખ્યો છે.

## સમાચાર ઝલક

- ઇન્ફોસીસના નિયામક પદે શ્રી વિશાલ સિક્કાની નિયુક્તિ, દેશની મોટી સોફ્ટવેર કંપની.
- મુંબઇ નજીક થાનેમાં પોલીસ કર્મીઓ પર દુષ્કર્મનો આરોપ.
- શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં આમ આદમી પાર્ટી, સક્રિય સાથ આપશે, સાથે સાથે જુની માહિતી મેળવાશે.
- નનૌક વાવાઝોડું આડું ફંટાતાં ગુજરાત પરથી ભય દૂર થયો.
- ગાંધીજીના પ્રપૌત્ર સાથે બે લાખની છેતરપીંડી કરાઇ.
- બિહારમાં ૫૫ બાળકો ઇન્સેફ્ટ લાઇટીસથી મોત પામ્યા.
- ઇરાકમાંથી પાંચ લાખ લોકો હિજરત કરી ગયા.
- ફૂટબોલ વિશ્વકપની મેચ સાથે ફૂટબોલ પ્રેમીઓ ઘેલમાં આવી ગયા.
- શ્રીલંકન ટીમનો પાકિસ્તાન રમવા જવા માટે સ્પષ્ટ ઇન્કાર.
- ચીનમાં ભારે વરસાદથી પુરગ્રસ્ત બન્યા લોકોમાં ભારે તબાહી.
- મુંબઇનો દરિયો ગેટ વે ઇન્ડિયા સુધી ઉછળતો રહ્યો.
- ઉત્તર ભારતમાં ઘેરું બનનારું વીજળી સંકટ.
- બદાયુ દુષ્કર્મની તપાસ સીબીઆઇએ શરૂ કરી દીધી, ૨૦ સભ્યોની ટીમ તપાસ કરશે.
- બેંકની ડિપોઝીટ સરકાર હસ્તક રાખવાથી સરકારી બેંકોનું અસ્તિત્વ હવે જોખમમાં.
- ધ્રાંગધ્રાનો યુવાન છુટા હાથે બાઇક ચલાવી ગાંધીનગરથી દિલ્હી સુધી સફર ખેડશે, અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન પાઠવશે.
- આશારામ આશ્રમ અમદાવાદમાં ક્રાઇમ બ્રાંચના દરોડા.
- બારડોલીના વાંકાનેરનો શરમજનક બનાવ, સસરો પુત્રવધુને લઇ ભાગી ગયો.
- અશોક ગેહલોત, સચિન પાયલોટ, ચિદમ્બરમ્‌ના પુત્ર સામે ૨.૫૬ કરોડની ઉપાચતનો કેસ.
- મધ્યાહન ભોજન યોજનામાં બાળકોને છાસ અપાશે : શ્રીમતી સ્મૃતિ ઇરાની.

### ચેતનાનો સમય (પાના નં. ૪ નું ચાલુ)

એક આશા છે કે કોઈક તો દયાળુ, ઉદાર માણસ તો મળશે ને! કોઈકનાંમાં તો ઈશ્વર વસતા હશે ને એટલે ગઝલકાર સ્વગત કહે છે કે માનવ માત્ર બધા જ મને ગમે છે. કોઈનામાં ઈશ્વર નથી એમ માની લઉં તો મારે તમામનો તીરસ્કાર કરવો પડે ને એટલે માનવમાત્રને પ્રેમ કરૂં તો કોઈક તો દયાળુ માણસ મળશે ને! ગઝલકારની એક અપેક્ષા છે કે આ દુનિયામાં ખરાબ લોકોની વચ્ચે કોઈક તો સારો મળશે ને!

કામિલ નામના ગઝલકારે કટાક્ષસભર ગઝલ રજૂ કરી છે.

"મરવાનું મૂલ્ય જીવનથી વધારે એ રીતે લાગ્યું
ના આવે કોઈ જયાં મળવાનો ત્યાં આખી સભા આવે."

ગઝલમાં દર્દનાક વાત કરી છે. માણસ જીવતો હોય ત્યારે કોઈ ભાવ પૂછતું નથી. કોઈ મળવા પણ આવતું નથી. પરિચિતો, સગાવહાલાં બધા સમયના અભાવે કે ગમે તે કારણ ત્યારે ડોકાતું નથી પરંતુ માણસ મૃત્યુ પામે ત્યારે તેના બેસણામાં વ્યવહાર ખાતર, હાજરી પુરાવવા કહે છે કે જીવતા માણસનું કોઈ મૂલ્ય નથી પરંતુ લોકો મરેલા માણસને મળવા આવે છે. મરેલો માણસ વિચારતો હશે કે જીવતો હતો ત્યારે તો મારી હાલત કેવી હતી હું કેવો દુ:ખી હતો કોઈ ફરકતું પણ ન હતું.

આદિલ મનસુરીએ તેની ગઝલમાં દર્દનાક વાત કરી છે.

"તમામ ઉમ્રં મને જીંદગીએ લૂંટ્યો છે.
મરણના હાથમાં પહોંચી હવે સૂરક્ષિત છું."

ગઝલકારે પોતે જાણે પોતાનો દુનિયાથી ખરાબ અનુભવ થયો હોય તેમ કહેવા માંગે છે. કે કેટલાક લોકો ઉમરભર દુખી થાય તેવો વ્યવહાર બીજા લોકો કરતા રહે છે. લોકોએ તેને છેતર્યો છે તેની સાથે જિંદગીભર બનાવટ કરી છે અને મરતાં સુધી હંમેશા લુંટાતો રહ્યા પછી મૃત્યુ પામ્યા પછી જ સુરક્ષિત બન્યો છે. જીવનભર અસુરક્ષિત રહ્યા પછી માનવી મૃત્યુ પામે પછી જ સુરક્ષિત બને છે.

ઓજસ પાલનપુરીએ તેની શાયરીમાં દર્દનાક વાત કરી છે.

જુદી જ રીતે દુનિયાથી જીવન આ મારું વિત્યું છે
નથી કયારેય જાણ્યું દર્દ શું છે? વેદના શું છે?
હલાહલથી ય હરદમ કામ મેં અમૃત માની કીધું છે
દિલાસો આપનારાઓએ મારું ધ્યાન દોર્યું છે
નહિંતર હું દુ:ખી છું એની મુજને જ ખબર નહોતી.

ગઝલકારે સ્વગત રીતે પોતાની વિતકકથા કહીને સંદેશો આપ્યો છે કે કેટલાક લોકો મજબુરીમાં હળાહળ ઝેર જેવાં કામો અમૃત માનીને કર્યા છે અને જીંદગીભર એટલા બધા દુ:ખો પીડા અનુભવ્યા છે કે માનવીને પોતાને જ ખબર નથી કે પોતે દુ:ખી છે. પછી મારા દુ:ખમાં દિલાસો આપનારા આવ્યા ત્યારે જ ખબર પડી કે પોતે દુ:ખી છે. પોતાના જ દુ:ખમાં ડુબી ગયેલા માનવીને દુ:ખ શું છે તેની જ ખબર નથી પડતી. આ એક દર્દનાક વાત છે. દિલાસો આપનારાઓ માત્ર દિલાસો જ આપે છે. સામી વ્યક્તિના દુ:ખમાં સહારો આપવાની વાત કરતાં નથી.

## બદૌન ગેંગરેપ : સીબીઆઈ દ્વારા અંતે એફઆઈઆર દાખલ થઈ

નવી દિલ્હી, તા.૧૨

સમગ્ર દેશને હચમચાવી મુકનાર બદૌન ગેંગરેપ કેસમાં એફઆઈઆર સીબીઆઈએ દાખલ કરી લીધી છે. સીબીઆઈ દ્વારા ઉંડી તપાસ પોતાની રીતે હાથ ધરી છે. ૨૭મી મેના દિવસે એક વૃક્ષ ઉપર લટકેલી હાલતમાં બે ટીનેજ યુવતીઓના મૃતદેહ મળી આવ્યા હતા. તપાસ કરવામાં આવતા જાણવા મળ્યું હતું કે, આ બન્ને બહેનો ઉપર સામુહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ઉત્તરપ્રદેશના બદૌન જિલ્લાના સાદતગંજ ગામના આ બન્ને બહેનોના મૃતદેહ મળી આવ્યા બાદથી દેશભરમાં હોબાળો મચી ગયો હતો. સીબીઆઈના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, ચકચારી બદૌન ગેંગરેપ કેસ અને હત્યા મામલામાં પ્રથમ એફઆઈઆર દાખલ કરવામાં આવી ચુકી છે. ડીઆઈજી અને ફોરેન્સીક નિષ્ણાંતોની બનેલી ટીમ સહિત ૨૦ સભ્યોની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ ૨૦ સભ્યોની ટીમ આવતીકાલે શુક્રવારે ઉત્તરપ્રદેશ જશે અને ત્યાં તમામ સંબંધિતો સાથે વાતચીત કરશે. સીબીઆઈના અધિકારીએ એમપણ કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશ સરકારને રાજ્યમાં પહોંચી રહેલી ટીમને પૂરતી મદદ કરવા કહેવામાં આવ્યું છે. બદૌન ગેંગરેપને લઈને દેશભરમાં નારાજગીનું મોજું ફરી વળ્યું છે. સીબીઆઈની તપાસ આ મામલામાં શરૂ થયા બાદ કેટલીક નવી વિગતો ખુલે તેવી શક્યતા છે.

## ધોની ૧૦૦ હાઇએસ્ટ પેઇડ એથલીટમાં સામેલ : રિપોર્ટ

ન્યુયોર્ક,તા. ૧૨

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. ફોર્બ્સ દ્વારા વિશ્વના ૧૦૦ સૌથી વધારે આવક મેળવતા ખેલાડીની યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં અમેરિકન બોક્સર ફ્લોયડ મેવેધર પ્રથમ ક્રમાંકે છે. જ્યારે યાદીમાં ટાઈગર વુડ્સ, ટેનિસ સ્ટાર રોજર ફેડરર અને રાફેલ નડાલ પણ સામેલ છે. મહેન્દ્ર સિંહ ધોની યાદીમાં ૨૨માં ક્રમાંકે છે. તેની કુલ કમાણી ૩૦ મિલિયન ડોલરની છે. જ્યારે જાહેરાત મારફતે કમાણી ૨૬ મિલિયન ડોલરની છે. જુન ૨૦૧૪ના આંકડા પ્રમાણે આ ગણતરી કરવામાં આવી છે. ધોની ભારતીય ક્રિકેટ ટીમનો ઓલ ટાઈમ બેસ્ટ કેપ્ટન બની ચુક્યો છે. તે ભારતીય ટીમને વર્ષ ૨૦૧૩માં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી અપાવી ચુક્યો છે. ધોની તમામ ત્રણેય મોટી આઈસીસી ટ્રોફી જીતનાર પ્રથમ



રાષ્ટ્રીય કેપ્ટન છે. ધોનીએ કેટલીક મહાકાય કંપનીઓ સાથે જાહેરાતની સમજુતી કરેલી છે. જેમાં સ્પાર્ટન સ્પોર્ટસ, અમિટી યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. જેના કારમે તેને વાર્ષિક ચાર મિલિયન ડોલરની રકમ મળી રહી છે. રીબોક સાથે પણ તેની સમજુતી હતી. ધોનીની કમાણીની બાબતમાં તેના પગાર, બોનસ, ઈનામી રકમ અને મેચ રમવાની ફીનો સમાવેશ થાય છે. સાથે સાથે જાહેરાત મારફતે કમાણીની બાબત પણ સામેલ છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે મેવેધરની કમાણી ૧૦૫ મિલિયન ડોલર ગયા વર્ષે રહી હતી. ૭૨ મિનિટ સુધી રિંગમાં રહેવા બદલ તેની આવકમાં અભૂતપૂર્વ વધારો થયો હતો. ટેનિસ સ્ટાર રાફેલ નડાલ અને રોજર ફેડરર યાદીમાં સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યા છે. નડાલે હાલમાં ફ્રેન્ચ ઓપનમાં રેકોર્ડ સર્જી તમામને રોમાંચિત કર્યા હતા. નડાલે રેકોર્ડ નવમી વખત ફ્રેન્ચ ઓપનમાં પુરૂષ વર્ગમાં ટ્રોફી જીતી હતી. યાદીમાં ફેડરર પણ સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યો છે. જો કે તે હાલમાં ફ્લોપ રહ્યો છે. પરંતુ તેની આવક સતત જારી છે.

## પાક પૂર્વ પ્રમુખ મુશર્રફને અંતે બહાર જવા બહાલી

કરાંચી,તા. ૧૨

પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રમુખ પરવેઝ મુશર્રફને મોટી રાહત મળી ગઈ છે. મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સિંધ હાઈકોર્ટે મુશર્રફનું નામ સરકારની ઈસીએલમાંથી દૂર કરવાના આદેશ કરી દીધા છે. આનો મતલબ એ થયો કે, પરવેઝ મુશર્રફ દેશની બહાર જઈ શકશે. જસ્ટીસ શાહનવાઝ તારીખ અને જસ્ટીસ મોહમ્મદ અલી મઝહરની બે સભ્યોની બેંચે મુશર્રફને દેશની બહાર જવાની મંજુરી આપી દીધી છે. અલબત્ત કોર્ટે એમપણ કહ્યું હતું કે, સરકાર ૧૫ દિવસની અંદર આ



નિર્ણયની સામે અપીલ કરી શકે છે. મુશર્રફની અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે, દરેક વ્યક્તિને વિદેશયાત્રાની સ્વતંત્રતા રહેલી છે. અત્રે નોંધનીય છે કે, મુશર્રફે સિંધ હાઈકોર્ટમાં વિદેશયાત્રા ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધની સામે અરજી દાખલ કરી હતી. જેને હાઈકોર્ટે આજે સ્વીકારી લીધી હતી. મુશર્રફને બહાર જવાની મંજુરી મળતા તેમને મોટી રાહત થઈ છે. મુશર્રફ કઠોર નિયંત્રણોનો સામનો કરતા હતા.